# Day to Day Current Affairs – 2015

23 જાન્યુઆરી-2015 શુક્રવાર

## ૧) 'બેટી બચાવો, બેટી પઢાઓ' :

- જાણીતા અભિનેત્રી માધુરી દીક્ષીતને વડાપ્રધાન દ્વારા શરૂ કરવામાં આવેલી 'બેટી બચાવો, બેટી પઢાઓ' અભિયાનની બ્રાન્ડ એમ્બેસેડર બનાવવામાં આવશે.

## ૨) સરપંચ :

- ગુજરાત સરકાર દ્વારા સરપંચોને સ્વતંત્ર ખર્ચ કરવાની મર્યાદા વધારવાનું નક્કી કરાયું.
- આ માટે આગામી વિધાનસભાના સત્રમાં સુધારા વિધેયક લાવવામાં આવશે.
- હાલમાં 500 રૂપિયાની મર્યાદા છે. તેને વધારીને 1500 રૂપિયા કરવાનું નક્કી કરાયું છે.
- આ અંગેનો ખરડો મંજુર થયે તેનો અમલ કરવામાં આવશે.

## 3) 23 જાન્યુઆરી : રાષ્ટ્રપ્રેમ દિવસ

- સુભાષચં બોઝનો જન્મ દિવસ . (118મો જન્મ દિવસ)
- જન્મ : 1897માં આજના ઓરિસ્સાના કટકમાં
- 1938માં સુરત પાસેના હરીપુરામાં ભરાયેલા કોંગ્રેસ અધિવેશનમાં નેતાજી કોંગ્રેસ પ્રમુખ તરીકે ચુંટાયા હતાં.

## ૪) વર્લ્ડ વેટલેન્ડ ડે : 2 ફેબ્રુઆરી

- આયોજન : નળ સરોવરસરોવર પક્ષી અભ્યારણ ખાતે. રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી.
- ઇઝરાયલના રામસર વેટલેન્ડ યાને જળ પ્લાવિત વિસ્તારની નિશ્ચિત માર્ગદર્શકોને આધારે ભારતમાં 26 સ્થળો વેટલેન્ડ રામસર સાઇટ તરીકે ઘોષિત થયેલા છે.
- પૈકી છેલ્લા 26મી સાઇટ તરીકે નળસરોવરને વર્ષ 2012માં જાહેર કરાઇ છે.

www.vivekanandacademy.org

**૫) 'મેઇન કામ્ફ' ( મારો સંઘર્ષ) :**

- એડોલ્ફ હિટલરની આત્મકથા.

- વર્ષ 2015થી કોપી રાઇટ હટી જાશે.

- 'મેઇન કાન્ફ' પરથી કોપી રાઇટ હટી જવાથી તેને જર્મનીમાં કોઇપણ પ્રસિધ્ધ કરી શકશે.

- જર્મનીના કાયદા પ્રમાણે કોઇપણ લેખકના મૃત્યુનાસિત્તેર વર્ષ બાદ તેના લખાણ પરથી કોપી રાઇટ હટી જાય છે.

૬) 2014નો સૌથી પોપ્યુલર પાસવર્ડ : 123456

www.vivekanandacademy.org